# ગુજરાતમાં દારૂબંધી માટે ઠોસ કાયદો નહિ બને તો સરકાર ઉખેડી ફેંકીશુ : અલ્પેશ ઠાકોર

થરાદ, તા. ૧૮

આજે બનાસકાંઠાના થરાદ ખાતે ઓબીસી એસટી એસસી એકતા મંચ અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જનતા દરબાર યોજ્યો હતો. જેમાં ઠાકોર સેના દ્વારા અલ્પેશ ઠાકોરની રક્ત તુલા યોજાઈ હતી. તેમજ ઠાકોર ક્ષત્રિય સેનાના સ્થાનિક આગેવાનો ખાસ હાજર રહ્યા હતા. થરાદ ખાતે યોજાયેલા જનતા દરબારમાં અલ્પેશ ઠાકોરે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. જેમાં અલ્પેશ ઠાકોર સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં ૬૦ લાખ યુવાનો બેરોજગાર છે. તેમજ બુટલેગરોને સરકારનો ડર હોવો જોઈએ જે જરા પણ રહ્યો નથી.

અલ્પેશ ઠાકોરે શિક્ષણની વાત કરતાં કહ્યું હતું કે ઉદ્યોગપતિઓને આપવા જમીન છે પણ સ્કૂલ બનાવવા માટે બે વિઘા જમીન નથી. અલ્પેશ ઠાકોરે સ્થાનિક ધારાસભ્ય સામે પણ કેટલીક બાબતે વિરોધાભાસ હોવાના આક્ષેપો કર્યા હતા. પૂર વખતે આપવામાં આવેલી સહાયમાં થયેલી ગેરરીતી સહીત સ્થાનિક ખેડૂતોને



પાણી ન મળતું હોવાની વાત પણ ઉચ્ચારી હતી.

અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે બનાસકાંઠાના થરાદ વિધાનસભાના સ્થાનિક ધારાસભ્યની કામગીરીથી સ્થાનિકો કેટલાક અંશે સંતુષ્ટ છે તેમજ સતત ત્રીજા લોક દરબારમાં સ્થાનિક ધારાસભ્યને ૪૦ માર્ક આપી પાસ કર્યા હતા. આવનારા સમયમાં ગુજરાતના તમામ ૧૮૨ ધારાસભ્યોનો લોક દરબાર યોજવાની વાત કરી હતી તેમજ ૨૦૧૭ના જાન્યુઆરીમાં જો નશાબંધી માટે ઠોસ કાયદો નહિ કરાય તો ૨૦૧૭ની ચૂંટણીમાં સરકારને ઉખેડી ફેંકવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# આદિવાસી પરિવારોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા સરકાર કટિબદ્ધ : આનંદીબેન પટેલ

## ખેડબ્રહ્માના આગીયામાં મોડેલ સ્કૂલ તથા કન્યા સાક્ષરતા નિવાસી શાળાનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે રૂ. ૩૦ કરોડના ખર્ચે બનેલ મોડેલ સ્કૂલ તથા કન્યા સાક્ષરતા નિવાસી શાળા-૧ અને ૨-નો મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે શુક્રવારે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહિલાઓની સંખ્યા ધ્યાન ખેંચતી હતી.

હેલીકોપ્ટર દ્વારા સમયસર આવી પહોંચેલા મુખ્યમંત્રીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે બાળક જન્મે અને કોલેજ સુધી પહોંચે ત્યાં સુધીના સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. અભ્યાસ પાછળ આદિવાસીઓને કોઈપણ ખર્ચ ન થાય તે માટે પુસ્તકો, યુનિફોર્મ, હોસ્ટેલની સગવડવાળી સમગ્ર ગુજરાતના આદિવાસી તાલુકાએ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

લાભાર્થીઓના પ્રતિભાવમાં ખેડબ્રહ્મા તાલુકાના ઝાંઝવા




પાંણાઈની મહિલા રસિકાબેન ભયલાભાઈએ આદિજાતિ વિભાગ દ્વારા આપવામાં આવેલ એક ગાય અને એક ભેંસમાંથી ચાર ચાર ગાય-ભેંસ ખરીદી વર્ષે રૂ. ૨.૫૦ લાખની આવક સાથે આર્થિક રીતે સદ્ધર થયા તેનો તેમના પ્રવચમાં ઉલ્લેખ કરી તેમના પ્રયત્નને બીરદાવવામાં આવ્યો હતો. જંગલની જમીનની પાંચ લાભાર્થીઓને સનદ આપવામાં આવી હતી. રેવન્યુ વિલેજ બનાવવાથી પ્લોટોની માંગણી મંજુરીમાં સરળતા થઈ છે. વર્ષોના વર્ષોથી અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવા આ સરકાર આગળ વધી રહી છે.

કુપોષણ અંગે બોલતા આનંદીબેને જણાવ્યું હતું કે કુપોષણ ઘટાડવુ હોય તો ૧૦ થી ૧૮ વર્ષની દિકરીઓ તરફ ધ્યાન આપવુ પડશે. આ દિકરીઓના શરીરમાં ઓછામાં ઓછુ ૧૩ ટકા હિમોગ્લોબીન માટે તેઓ જુદા જુદા પ્રકારની ગોળીઓ રાજ્યની તમામ શાળાઓમાં પહોંચાડવામાં આવે છે.

આ પ્રસંગે વિજયનગરમાં બનેલ અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્રની તક્તીનું અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું. આ સંકુલમાં ૫૦૦૦ વૃક્ષો વાવવાની જવાબદારી શિક્ષકોની છે. શિક્ષા સંકુલ વૃક્ષો સિવાય ન શોભે. સંકુલને વૃક્ષોનું જંગલ બનાવી દેજો તેવી શીખ આપી હતી. આ પ્રસંગે આરોગ્ય-ઉર્ઝા - કૌશલ્ય વર્ધન-કિસાનોને રૂ. ૩ લાખનું ધિરાણ માત્ર ૧ ટકામાં વગેરે સરકારી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં મેસર્સ વિધાતા એસોસીએશનને રૂ. ૨૫૦૦૦૦ આર્ડેકતા રૂ. ૫૧૦૦૦, પેટ્રોલપંપ એસો. રૂ. ૩૧,૦૦૦, માર્કેટયાર્ડ એસોસીએશન રૂ. ૧૧૦૦૦ તથા ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર એસો. રૂ. ૧૧,૦૦૦ના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

# મેઘરજ ડૂંડવાડા નજીક બ્રિજ પરથી પીકઅપ ડાલુ નીચે પટકાયું

મેઘરજ, તા. ૧૮

પસાર થતા મેઘરજથી ઉન્ડવા રોડ ઉપર ડૂંડવાડા નજીક આવેલ બ્રીજ ઉપરથી પીકઅપડાલાના ચાલકને જોકુ આવતા બ્રિજનું ડીવાઈડર તોડી પીકપ ડાલુ ૨૫ ફૂટ ઊંડે પટકાયું હતું જેમાં



પીકઅપડાલાના ડ્રાઈવર કંડક્ટરને ભારે જન મહેનત બાદ બચાવી લેવાયા હતા.

મેઘરજથી રાજસ્થાન તરફ જઈ રહેલા પીકપડાલુ ડૂંડવાડા નજીક બ્રીજ ઉપર પીકઅપકડાલાના ચાલકને જોકુ આવી જતા પીકઅપડાલુ બ્રીજ ઉપરથી ૨૫ ફૂટથી નીચે પટકાયું હતું. જેમાં લીમડાની સુકી લીંબુડી ભરેલ હતી જે દરમ્યાન મેઘરજ પોલીસ સ્ટેશનના જમાદાર દોલતસિંહ તથા ડ્રાઈવર રમણલાલ સરકારી ગાડી લઈ ઉન્ડવા તરફ પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે અરસામાં બે રાહદારીઓએ જમાદારને જણાવ્યું હતું કે હાલ કોઈક વાહન બ્રીજ ઉપરથી નીચે પટકાયું છે અને અંદરથી બચાવો બચાવોના અવાજ આવે છે. ઘટનાસ્થળ પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન નજીક હોઈ તાબડતોબ જમાદાર ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી ૧૦૮ને ફોન કરી બોલાવી અને નજીકના રહીશોની મદદથી પીકઅપડાલાના ચાલક અને કંડકટરને હેસ્કો બ્લેડથી સ્ટેરીંગ કાપ્યુ હતુ અને નળાસની કેબીન તોડવામાં આવ્યુ હતુ. જમાદાર દોલતસિંહ, રમણલાલ, ૧૦૮ના પાયલોટ નરપતસિંહ અને ઈએમટી દિનેશ ડામોર અને નજીકના રહીશો દ્વારા બે કલાકની જનમહેનત બાદ ડ્રાઈવર કંડકટરને બચાવી લેવામાં આવ્યા હતા. ૧૦૮ મારફતે મેઘરજની સિવિલ હોસ્પિટલમાં લાવી બંને ઈસમોને વધુ સારવારની જરૂર હોઈ મોડાસા ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

# ઉનાવા ગામે તોફાની તત્વો સામે પગલા ભરવા મહિલાઓએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

મહેસાણા, તા. ૧૮

ઊંઝા તાલુકાના ઉનાવા ગામમાં એક સપ્તાહથી લઘુમતિઓના બે જુથો વચ્ચે સર્જાયેલી હિંસક અથડામણ બાદ તોફાની તત્વો સામે પગલાં ભરવા તથા પૂર્વવત શાંતિના પગલાં ભરવાની માંગ સાથે મહિલાઓએ મહેસાણા આવીને કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરીને પોતાની રજુઆત કરી હતી.

ઉનાવા ગામમાં છેલ્લા ઘણા સમયથી દરગાહના મુજાવરો અને મુસ્લિમ સમાજના જ અન્ય લોકો વચ્ચે વિખવાદ સર્જાયો છે. આઠેક માસ અગાઉ આ બંને જુથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જેની શાહી હજુ સુકાઈ નથી ત્યાં એક સપ્તાહથી અહીં ફરીથી લઘુમતિઓના આ બંને જુથો આમને-સામને આવી ગયા છે. ઉનાવામાં સર્જાયેલી હિંસક ઘટનાઓ સંદર્ભે પોલીસે ૫૦થી વધુ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. દરમાયાન બે દિવસ પહેલા મુજાવરોના પરીવારજનોએ મહેસાણાના કલેક્ટર સમક્ષ રજુઆત કરી ગામમાં બહારના તત્વો શાંતી ડહોળી રહ્યા હોવાનું જણાવ્યું હતું. દરમ્યાન આજે અહીંના મુજાવરો સિવાયના અન્ય મુસ્લિમોએ તેમજ મહિલાઓએ મહેસાણાના નિવાસી નાયબ કલેક્ટર જાનીની મુલાકાત લીધી હતી. અને તેઓને આવેદનપત્ર સુપરત કરીને તેઓને પોલીસ રક્ષણ આપવાની માંગ કરી હતી. જ્યારે આ સમગ્ર ઝઘડા પાછળ દરગાહ સહિતની ધાર્મિક મિલ્કતોના ટ્રસ્ટના ફેરફાર કરવા માટે તેમના દ્વારા કરવામાં આવેલ અરજી જવાબદાર હોવાના ચોંકાવનારા આક્ષેપો કર્યા હતા. આ મુદ્દે ઘટતુ કરવાનું તંત્ર દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના કેશરપુરા ગામે તસ્કરો ત્રાટક્યા

## મકાનમાંથી ૧,૪૨,૦૦૦ની મત્તાની ચોરી તેમજ દૂધમંડળીમાંથી ૪૧,૦૦૦ની ચોરી

હિંમતનગર, તા. ૧૮

મોડાસા-સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના કેશરપુરા ગામને શુક્રવારની મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવી ઘમરોળ્યુ હતું અને અલગ અલગ સ્થળોને નિશાન બનાવી લાખો રૂપીયાની મત્તા ઉઠાવી ફરાર થઈ ગયા હતા.



બનાવની પ્રાપ્ત વિગતોનુસાર હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક આવેલા કેસરપુરા ગામના રહીશ જયંતીભાઈ ગિરધરભાઈ નાઈના ઘરે તસ્કરોએ ઘરમાં પ્રવેશી ઘરમાં રાખેલા દાગીના તેમજ રોકડ રકમ સહિત કુલ ૧,૪૨૦૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જ્યારે ગામમાં આવેલીદૂધમંડળીને પણ તસ્કરોએ નિશાન બનાવી હતી અને દૂધમંડળીમાં રાખેલા ૪૧,૦૦૦ની રકમ પણ ઉઠાવી ગયા હતા. ઘટનાની જાણ સવારે ગામલોકોને થતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ગાંભોઈ પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



## મોડાસાના યુવા શિક્ષકે અનોખી રીતે પોતાનો જન્મદિનની ઉજવણી કરી

મોટેભાગે લોકો જન્મદિનની ઉજવણી મોટી હોટલોમાં પાર્ટી શાર્ટીનું આયોજન કરીને કરતા હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામના રવિ પટેલ નામના શિક્ષક છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના જન્મદિનની ઉજવણી અનોખી પ્રકારે કરે છે અને જરૂરીયાતમંદોને મદદ કરીને પોતાનો જન્મદિન ઉજવે છે.

# અરવલ્લીમાં શિક્ષકોને શિક્ષણ કાર્ય સિવાય અન્ય કામગીરી ન સોંપવા જિલ્લા પંચાયત પ્રમુખ પારધીની માંગ

અરવલ્લી સહિત રાજ્યભરની પ્રાથમિક શાળામાં શિક્ષણની ગુણવત્તા ઉંચી લાવવી હોય તો શિક્ષકોને અન્ય કામગીરી સોંપવી જોઈએ નહી. માત્ર અભ્યાસ માટે નિયત કર્યા હોય તેમને અન્ય કામગીરી ન સોંપવા માટે અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખે મુખ્યમંત્રીને માંગ કરી છે અને સરકાર આ મામલે ઘટતી કાર્યવાહી નહીં કરે તો વાલીઓ અને શિક્ષકોને સાથે રાખી સરકાર વિરૂદ્ધ જનઆંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારધીએ જણાવ્યું હતું કે, અરવલ્લી જિલ્લામાં ૪૯૮ ઓરડાની ઘટ છે. અરવલ્લી જિલ્લાના પછાત વિસ્તારની પ્રાથમિક શાળામાં પીવાના પાણીની સુવિધાની કોમ્પ્યુટરની સુવિધા પ્રોટકશન દીવાલ જેવી જરૂરિયાતની સુવિધાઓ પણ આપવામાં આવતી નથી. નવરચિત અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે દોઢ વર્ષ થઈ ગયું હોવા છતાં સિવિલ હોસ્પિટલ પણ બનાવવામાં આવી નથી. અરવલ્લી જિલ્લાના મોડાસા મથકે આજુબાજુના ત્રણ જિલ્લાની તથા રાજસ્થાનના દર્દીઓ આવે છે જે ખાનગી દવાખાનાઓમાં દવા લેતા હોય છે આમ પ્રજા લૂંટાય છે જેથી સત્વરે સિવિલ હોસ્પિટલ બનાવવા પ્રજાની માંગણી છે. એકંદરે જોતાં અરવલ્લી જિલ્લા માટે દરેક ક્ષેત્રે સરકારનું ઓરમાયું વર્તન રાખવામાં આવે છે.

વધુમાં જણાવ્યું હતું કે જિલ્લા પંચાયતની કચેરી હાલ ખેતીવાડીના મકાનમાં ચાલે છે જૂની કલેક્ટર કચેરીનું મકાન કામચલાઉ જિલ્લા પંચાયતને આપવા કલેક્ટરએ હૂકમ કરેલ હતો. કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાત અસ્તિત્વમાં આવતા રાજકીય કિન્નાખોરી રાખી કલેક્ટરે જે હુકમ કરેલો તે હુકમ રદ કરવામાં આવ્યો. હાલ જિલ્લા પંચાયતની કચેરીમાં આવતા અરજદારોને પીવાના પાણીની સુવિધા નથી. બેસવાની પણ સુવિધા નથી મહિલાઓ માટે શૌચાલયની સુવિધા નથી. પાર્કિંગની સુવિધા નથી, અધિકારી વર્ગ-૧ તથા ૨ ને કર્મચારીઓને વચ્ચે ભેગા બેસી કામ કરવું પડે છે. જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓ મોડાસાના પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણમાં આવેલી છે. અરજદારોની ખુબ જ મુશ્કેલી પડે છે.

# અમદાવાદ-લંડન વચ્ચે નોન-સ્ટોપ ફલાઈટ, POP એરલાઈન્સ

બ્રિટનની કંપની POP Airline (www. flypop. co.uk) આગામી સમયમાં અમદાવાદ-લંડન તથા અમૃતસર-લંડન વચ્ચે નોન-સ્ટોપ ફલાઈટ શરૂ કરવા જઈ રહી છે.

POP Airline એ ક્રાઉડ ફન્ડિંગના યુનીક કોન્સેપ્ટથી બ્રિટનના ટ્રીલીયન ફંડ (www.trillionfund.com) ફંડ સાથે મળીને નવી એરલાઈન શરૂ કરેલ છે. (www.flypop.co.uk) ની સ્થાપના કોર્પોરેટ સોશિયલ રીસ્પોનસીબીલીટી (સીએસઆર) બીઝનેસના ભાગરૂપે કરવામાં આવેલ છે જેઓ પોતાના નફામાંથી ૫૦ ટકા નફો ગુજરાત, પંજાબ તથા લંડનની ચેરીટેબલ સંસ્થાઓને સામાજિક કાર્યો માટે ફાળવશે. POP Airline એ પોતાની વેબ સાઈટ ઉપર ક્રાઉડ ફન્ડિંગના ભાગ રૂપે પહેલા ૧૦,૦૦૦ મેમ્બર્સને ૫૦૦ પાઉન્ડની ફી લઈ ગોલ્ડ મેમ્બર્સ બનાવવાનું શરૂ કરેલ છે તથા તે મેમ્બર્સને લંડનની એક રીટર્ન ટીકીટ ઉપરાંત પાંચ વર્ષ સુધી વિવિધ લાભ જેવા કે ૨૩ કિલોની એક વધુ બેગ, ફ્રી વાઈ ફાઈ, ફ્રી ફૂડ, વધુ લેગ સ્પેસ વિગેરે આપશે. POP Airlineના ચેરમેન નીનોના જણાવ્યા મુજબ આ લોકો માટેની એવી એરલાઈન છે જે સમાજને પણ લાભ કરે છે. તેમના જણાવ્યા મુજબ આ એરલાઈનનો સમય પણ બાળકો તથા વડિલોને અનુકૂળ હોય તેવો રહેશે. ૩૭૮ મુસાફરોને સમાવેશ કરતુ એ-૩૩૦-૩૦૦ ફલીઈટ તદ્દન નવું તથા આરામદાયક રહેશે.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

બોસ કે માલિકોની કેટલી હાજી હા કરવી પડતી હોય છે. એની કલ્પના માત્ર સંતાનોને નથી હોતી. પિતાનો સ્વાર્થ એ હોય છે કે સંતાનો મોટા થાય એટલે એમને નોકરી કે ધંધા માટે મોટા અધિકારીઓ કે બોસ કે માલિકો જ કામ આવવાના છે. આ માતે ઘણી વખત પિતા આવા ઉપરીઓના ઘરના કામ પણ કરતા હોય છે. પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે પિતા જેટલા મોટા સ્વપ્નો જુએ છે તેટલા મા નથી જોતી. મા સંતાનોને મોટેભાગે પ્રેમ અને લાગણીથી જ સીંચે છે જ્યારે પિતા મોટા સ્વપ્નો પુરા કરાવવા એને મહેનત, સંઘર્ષ કરાવતા શીખવે છે. પરિણામે ઘણી વખત ઘરમાં માતા - પિતા વચ્ચે પણ મોટા સંઘર્ષો થાય છે. હું તો ત્યા સુધી કહું છું કે એક માતા બીજી મળી શકે છે કેમ કે માતૃહદય દરેક સ્ત્રીમાં હોય છે પણ પિતા સિવાય દુનિયામાં બધા પુરુષો જ હોય છે. પિતાની હૂંફ પિતા સિવાય કોઈ આપી શકતું નથી,

મિત્રો, જિંદગીમાં માત્ર એક વખત પિતા માટે, પિતા વિશે એક કલાક એકાંતમાં વિચારો, તેમણે તમારી માટે શું શું કર્યુ? શું શું કરવા ઈચ્છે છે? અને શું શું કરશે? ત્યારે જ પિતાનું સાચું ગૌરવ સમજાશે. આપણા પિતાના નામ સાથે પરિવારની ઈજ્જત જોડાયેલી છે. પિતાની ઈજ્જત આખા પરિવારને સામાજિક સૂરક્ષા આપે છે. પિતા વિના કોઈપણ પરિવાર પારિવારિક કે સામાજિક મૂલ્ય સ્થાપિત કરી શકતો નથી. માનું મૂલ્ય માની મમતામાં છે તો પિતાનું મૂલ્ય વ્યવસ્થામાં છે, સુરક્ષામાં છે. મા આપણને લાગણી-સંવેદનાના પાઠ શીખવે છે તો પિતા કઠોરતાના - ધૈર્યના પાઠ શીખવે છે. મા આપણને પ્રેમ કરતા શીખવે છે તો પિતા આપણને વિકટમાં વિકટ પરિસ્થિતિનો સામનો કરતા શીખવે છે. મા રડતા શીખવે છે તો પિતા આંસુઓ પીને હસતા રહેતા શીખવે છે. મા બોલતા શીખવે છે તો પિતા મૌન રહેતા શીખવે છે. મા આપણને સંસ્કાર આપે છે તો પિતા આપણને વિચાર આપે છે. બુદ્ધિ આપે છે. મા આપણી ઓળખ છે તો પિતા આપણું ગૌરવ છે.

મિત્રો, પિતાને 'પિતા' એટલે કહેવાય છે કે તે હંમેશાં આપણા પરિવારના બધા જ દુઃખ, દર્દ, આંસુ હસતા હસતા પીવે છે. જે કોઇ નથી જોઇ શકતું. અને જે હસતા હસતા દુઃખ - દર્દ પીતા હોય એને 'પિતા' જ કહી શકાય. અને આવો આજે આપણે ઘરથી દૂર રહેતા પિતાને એક ફોન કરીને પૂછીએ કે ''પપ્પા તમે કેમ છો?''પછી ભલે પિતાની આંખો ભીની થાય પણ એ ભીનાશ એમના હદયને પરમ શાંતિની અનુભૂતિ કરાવશે. શાતા આપશે.

9426060601.india@gmail.com

## રજળપાટ ● ૪ પાનાનું ચાલુ...

તો એ હોય છે દીકરી. મોટાભાગે પુત્ર પિતાના નકશેકદમ પર ચાલનાર હોય છે અને એનું એકમાત્ર કારણ એ દ્રષ્ટિ છે જેની તાલીમ એને બાળપણથી મળેલી હોય છે. પિતાના અધૂરા સપનાઓ પુરા કરવા એ પુત્રની અઘોષિત આકાંક્ષા હોય છે અને પિતાની પણ. પોતાના જેવો જ પુત્ર બને એના કરતા પોતાથી સવાયો બને એવું દરેક પિતા દિલોજાનથી ઈચ્છતો હોય છે.

અથર્વવેદમાં તો કહેવાયું પણ છે કે'': ''અનુવ્રતઃપિતૃઃપુત્રો માતા ભવતુ સંમનાઃજાયાપ્રત્યે મધુમતી વચમ વદતુ શાંતિવામ્'' અર્થાત પુત્ર એ પિતાના વ્રતોને પૂરો કરનાર અનુવ્રત છે. અને પિતાના આવા સપનાઓ પુરા કરનાર પુત્ર માટે પિતાના દિલમાં આશીર્વાદ સિવાય બીજું શું હોય શકે? કુટુંબના ભરણપોષણની ભાગદોડમાં પાછળ રહી ગયેલા કે સંતાનો માટે જોયા હોવા છતાં પણ પુરા ના કરી શકાયેલા સપનાઓને જ્યારે એક પુત્ર પુરા કરી બતાવે એ ઘડી, એ દિવસ જ પિતા માટે તો સાચો 'ફાધર્સ ડે' જ ગણાય...!!!

## અનિચ્છા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આરબીઆઈના ગવર્નર તરીકે રઘુરામ રાજને શાનદાર ભૂમિકા ભજવી હતી. આ બાબતની તમામ લોકો કબૂલાત કરે છે. રાજનનું કહેવું છે કે, તમામ પગલાઓને ઝડપથી અમલી બનાવીને તેઓએ ઉલ્લેખનીય કામગીરી અદા કરી છે. ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે. વૈશ્વિક ફાઈનાન્સિયલ માર્કેટમાં ભારતની સ્થિતિ હવે મજબૂત બની છે. રિઝર્વ બેંકમાં તમામ એવી દરખાસ્તો આવી ચુકી છે જે વિશ્વ સ્તર પર છે. ફુગાવાને કાબૂમાં લેવા માટે ફુગાવા આધારિત રૂપરેખા તૈયાર થઈ ચુકી છે. લાંબા ગાળા બાદ ડિપોઝિટ ઉપર હકારાત્મક વાસ્તવિક વ્યાજદર મેળવવા માટે બચતકારોને મંજુરી મળી ગઈ છે. સાથે સાથે ૧૫૦ બેઝિક પોઈન્ટ સુધીનો વ્યાજદરમાં કાપ પણ મુકવામાં આવ્યો છે. આના પરિણામ સ્વરુપે પણ સ્થિતિ સુધરી છે. રઘુરામ રાજનનું કહેવું છે કે, અમારા પગલાના લીધે રૂપિયામાં પણ સ્થિરતા આવી છે. વિદેશી હુંડિયામણ ભંડોળ રેકોર્ડ ઉંચી સપાટી ઉપર છે. વિદેશી ચલણ સંપત્તિ પણ સતત વધી છે. આજે વિશ્વના સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્રમાં ભારત સામેલ છે. શરૂઆતના દિવસેમાં જે પગલા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો તેના કરતા વધારે પગલા લેવાઈ ચુક્યા છે. સુધારા પ્રક્રિયામાં સરકારની મદદ કરવામાં આવી રહી છે. આવનાર દિવસોમાં વધુ પગલા લેવામાં આવશે. પ્રારંભિક દિવસોમાં આરબીઆઈએ રિસ્ટ્રક્ચરિંગ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. રઘુરામ રાજન તેમની અવધિ પુરી થયા બાદ હવે ફરીવાર કેરિયરને એકેડેમીકમાં આગળ વધારવા માંગે છે. અત્રે નોંધનીય છે કે, સાતમી જૂનના દિવસે છેલ્લી આરબીઆઈની પોલિસી સમીક્ષા જારી કરવામાં આવી હતી. પોલિસી સમીક્ષા કરતા પણ આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન પોતાની ઈચ્છાના સંદર્ભમાં કોઈ વાત કરશે કે કેમ તે અંગે પણ ભારે ઉત્સુકતા હતી પરંતુ રાજને આ સંદર્ભમાં તમામને અટકળો કરતા જ રાખ્યા હતા અને પોલિસી સમીક્ષાના દિવસે તેમની બીજી અવધિને લઈને કોઈ વાત કરી ન હતી. રાજને પોલિસી સમીક્ષા રજૂ કરતી વેળા કહ્યું હતું કે, આરબીઆઈના ગવર્નરની અવધિના સંદર્ભમાં અને એક્સટેન્શનના સંદર્ભમાં અંતિમ નિર્ણય સરકાર દ્વારા જ લેવામાં આવશે. જ્યારે આ સંદર્ભમાં કોઈ નિર્ણય લેવામાં આવશે ત્યારે સરળતાથી જાણી શકાશે. બીજી બાજુ રઘુરામ રાજનની ત્રણ વર્ષની અવધિ સપ્ટેમ્બર મહિનામાં પુરી થઈ રહી છે. રાજન બીજી અવધિ માટે ગવર્નર તરીકે રહેવા માંગે છે કે કેમ તેને લઈને ચર્ચાઓનો દોર રહ્યો હતો. બીજી બાજુ મોટાભાગની સંસ્થાઓ અને અર્થશાસ્ત્રીઓ માની રહ્યા છે કે, રાજન ખુબ સારી કામગીરી અદા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં આરબીઆઈના ગવર્નર તરીકે તેમની બીજી અવધિ ચાલવી જોઈએ. દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા રજૂ કરતી વેળા આજે આની ચર્ચા જોવા મળી હતી.

## કોલેરા પોઝીટીવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાં પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયેલ છે. આ દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવેલ છે.

જિલ્લાતંત્રએ અડાલજ સહિતના વિસ્તારોમાં સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. ગાંધીનગર જિલ્લામાં જે રીતે હીટવેવ આક્રમક છે તેને પણ આ પાણીજન્ય રોગચાળા માટે વધુ કારણભૂત માનવામાં આવી રહેલ છે. જિલ્લામાં આ વખતે છુટા છવાયા કોલેરાના કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.